# માટીનું રહસ્ય

## ઈશા સરદેસાઈ દ્વારા પુનર્લિખિત

યાત્રીએ ઊંડો શ્વાસ લીધો અને તેના ફેફસાંઓમાં મીઠી-મહેકતી સુગંધ ભરાઈ ગઈ. આડડડ કહેતા તેણે રાહતનો શ્વાસ બહાર છોડ્યો. તે પૂર્ણ તૃપ્ત હતી. તેની ચારેબાજુ પહાડો હતા, જે પથ્થરો અને માટીના કાંપના બનેલા હોવાને કારણે ખૂબ જ આકર્ષક પટ્ટાદાર દેખાઈ રહ્યા હતા. તેની સપાટી પર તપખીરિયા લાલ, ઘેરા લીલા અને આશ્ચર્યચકિત કરી દે તેવા ચળકતા પીળા રંગના પટ્ટાઓ હતા.

અહીંનું વાતાવરણ એકદમ ગરમ અને ભેજ વિનાનું હતું, પરંતુ તેનો અર્થ એ નહોતો કે અહીં લીલોતરી હતી જ નહીં, અમુક ભાગ પર છૂટાંછવાયાં ઝાડપાન અને ફૂલોની ઝાડીઓ પણ હતી. એ મહિલા આ બધું કુતુહલપૂર્વક જોઈ રહી હતી. તેના ઘરથી ખૂબ જ દૂર આવેલા, દુનિયાના આ દૂર-સુદૂર પ્રદેશની સુંદરતા અદ્વિતીય અને અસાધારણ હતી. તે આ જગ્યાની યાદ રૂપે અહીંથી કંઈક લઈ જવા માગતી હતી — કંઈક એવું જે રસ્તાની બાજુએ શણગારેલી એ દુકાનો પર વેચાતી વસ્તુઓ કરતાં વધારે વિશેષ હોય, જ્યાંથી તે પસાર થઈ રહી હતી. તેને કોઈ એવી વસ્તુ જોઈતી હતી જે તેને આ *જગ્યાની* યાદ અપાવે.

જેવો મહિલાના મનમાં આ વિચાર આવ્યો કે તેની નજર નીચે ગઈ. ત્યાં જમીન પર ભીની માટીના કેટલાક ગઠ્ઠાઓ હતા. તેમાંથી એક વિશિષ્ટ ગઠ્ઠા પર તેનું ધ્યાન ગયું.

તે ગૉલ્ફના દડા કરતાં થોડોક વધારે મોટો હતો અને લગભગ ગોળાકાર હતો. તેનો રંગ એવો જ તપખીરિયા લાલ રંગ જેવો હતો જે તેણે પોતાની ચારેબાજુના પહાડોમાં જોયો હતો, અને તેની આખી સપાટી પર પીળા રંગની એક પાતળી રેખા પણ હતી. આ ગઠ્ઠાને જોઈને અચાનક તેને એ લખોટીની યાદ આવી ગઈ જેની સાથે તે બાળપણમાં રમતી હતી.

માટીનો ગઠ્ઠો ઉપાડવા માટે નીચે વળતી વખતે અચાનક તે બોલી ઊઠી, “અરે વાહ, તું કેટલો સરસ દેખાય છે!”

તેણે પોતાના ખિસ્સામાંથી એક રૂમાલ કાઢ્યો અને ખૂબ જ ધ્યાનથી તેમાં એ માટીના ગઠ્ઠાને વીંટાળી દીધો. તેણે ખુશ થઈને કહ્યું, “હું તને મારા સૂવાના રૂમમાં મૂકીશ, જેથી મને દરરોજ આ જગ્યાની યાદ આવે, જ્યાં મને એ વાતની ઘણી ઝલક મળી છે કે હું કોણ છું.”

એક અઠવાડિયા પછી તે મહિલા પાછી ઘરે આવી અને તેણે એવું જ કર્યું જેવું વિચાર્યું હતું. તેણે માટીના ગઠ્ઠાને તેના સૂવાના રૂમમાં એક મોટી સંદૂક ઉપર મૂકી દીધો, જ્યાં તેણે પોતાની યાત્રા દરમ્યાન ભેગી કરેલી બીજી બધી વસ્તુઓ પણ મૂકી હતી. તે જગ્યા ખીચોખીચ ભરેલી હતી (તેને ફરવાનો બહુ શોખ *હતો*) એટલે તેણે માટીના એ

ગઠ્ઠાને વાંસના પંખા અને લીલા રંગના પ્રવાહીની શીશી વચ્ચે જેમ-તેમ કરીને ખોંસીને મૂકી દીધો, અને આખરે માટીનો ગઠ્ઠો ત્યાં સરસ રીતે ગોઠવાઈ ગયો.

ત્યારબાદ કેટલાક દિવસો સુધી મહિલા વ્યસ્ત રહી. યાત્રાથી આવ્યા પછી તે પોતાના સામાનને ફરી વ્યવસ્થિત કરી રહી હતી; તેને ઘણાં બધાં કામો પૂરા કરવાનાં હતાં, મિત્રો અને સગાસંબંધીઓને મળવાનું હતું, ઘરની આસપાસ સમારકામ કરાવવાનું હતું. તેમ છતાં, જેટલીવાર તે પોતાના રૂમમાં જતી તો તે રાહત મહસૂસ કરતી. તેના શ્વાસપ્રશ્વાસ સહજ થઈ જતા. તેના માટે એ કહેવું મુશ્કેલ હતું કે શું તે આની કલ્પના કરી રહી છે કે કંઈક બીજું છે, પરંતુ એક વાત તો પાક્કી હતી કે આ રૂમમાં મીઠી-મીઠી સુગંધ આવી રહી હતી, જે ખૂબ જ સુખદ હતી.

બીજા કેટલાક દિવસો વીતી ગયા અને મહિલાને ખાતરી થવા લાગી કે તે આ સુગંધની કલ્પના *નહોતી* કરી રહી. હવામાં ખરેખર એક મધુર સુગંધ હતી જે તેને મંત્રમુગ્ધ કરી રહી હતી. તે ફૂલોની અને લાકડાંઓની ચિરપરિચિત સુગંધ જેવી હતી જે તેને કોઈ રહસ્યમય, દૂર-સુદૂરની જગ્યાનું સ્મરણ કરાવી રહી હતી. *આ કઈ સુગંધ હતી અને તે ક્યાંથી આવી રહી હતી?* થોડા જ સમયમાં તેનું આખું ઘર આ તીવ્ર, રહસ્યમય સુગંધથી ભરાઈ ગયું.

આ સુગંધ ક્યાંથી આવી રહી છે એ જાણવાના નિશ્ચય સાથે મહિલાએ તેના ઘરમાં શોધ ચાલુ કરી. તેણે તેના સૂવાના રૂમથી શરૂઆત કરી કારણ કે તેને સૌથી પહેલાં આ સુગંધ ત્યાંથી જ આવી હતી. તેણે વાંકા વળીને પોતાના પલંગની નીચે જોયું. ત્યાં કંઈ જ નહોતું પરંતુ જ્યારે સૂંઘતાં-સૂંઘતાં તેણે પોતાનું માથું ઉપર કર્યું, ત્યારે ત્યાં એટલી તીવ્ર સુગંધની લહેર આવી કે તે પોતાનું સંતુલન ગુમાવીને પડતાં-પડતાં બચી.

જેમતેમ કરીને તે સુગંધની દિશામાં આગળ વધી. એવું લાગતું હતું કે આ સુગંધ રૂમના એ જ ખૂણામાંથી આવી રહી છે જ્યાં ખાનાવાળી સંદૂક હતી.

“હવે સમજી!” તેણે વિચાર્યું. “હું મારી યાત્રાઓથી ઘણાં બધાં ઉમદા અત્તરો અને સુગંધીદાર તેલ લાવી છું. તેમાંથી કોઈ એકનું ઢાંકણ મારાથી ખુલ્લું રહી ગયું હશે.”

તેણે સંદૂક પર મૂકેલી જુદીજુદી વસ્તુઓને જોઈ જે તેની યાદગાર વસ્તુઓનો ખજાનો હતો. ત્યાં દરેક આકાર અને કદની શીશીઓ અને ડબ્બીઓ હતી — નજીકથી જોતા ખબર પડી કે તે બધી તો બંધ હતી, તેનાં ઢાંકણાં કસીને બંધ હતાં.

પણ એ *સુગંધ*! અહીં એ ખૂબ જ તીવ્ર હતી અને તે મહિલા આ સુગંધથી ખરેખર મુગ્ધ થઈ ગઈ હતી. મહિલાને પાક્કી ખાતરી હતી કે તે એ સુગંધીદાર વસ્તુની નજીક જ છે.

તેની આંખો આજુબાજુ જોવા લાગી અને ત્યારે જ સંદૂકની પાછળ નિર્દોષતાથી બેઠેલા માટીના ગઠ્ઠા પર તેની નજર પડી. દીવાના ઝાંખા પ્રકાશમાં માટીની ઉપર રહેલી પીળી રેખા ચમકી રહી હતી.

તેણે ધીમા અવાજમાં માટીને પૂછ્યું, “શું એ તું જ છે? તારામાંથી આટલી મીઠી સુગંધ આવી રહી છે?”

તેણે પોતાના બંને હાથથી માટીના ગઠ્ઠાને ઉપાડી લીધો અને તરત જ તેને જવાબ મળી ગયો. તેમાંથી જ સુગંધ ચારેબાજુ ફેલાઈ રહી હતી. તેની સુગંધ વિદેશોમાં તેણે જે મોંઘા-મોંઘા અત્તરો જોયાં હતાં, તેનાં કરતાં પણ વધારે શ્રેષ્ઠ હતી. એ સુગંધ એવી હતી જાણે તમે કોઈ ખીલેલાં ફૂલોના બગીચામાં હો, જ્યાં મખમલી લાલ પાંખડીઓવાળાં ફૂલો અને તેના પર વીંટળાયેલી લીલી વેલ અને સાથે અગરના વૃક્ષની છાલ જેવી કોઈ રાજસી અને તીવ્ર વસ્તુ હોય. થોડી ક્ષણો સુધી એ મહિલા આંખો બંધ કરીને બસ ત્યાં જ ઊભી રહી, જેથી તે એ સુગંધને પોતાનામાં સમાવી શકે.

અને પછી તેના મનમાં એક વિચાર આવ્યો. *શું આ સુગંધ માટીમાંથી આવી રહી છે? એ કેવી રીતે શક્ય છે?*

તેણે પોતાની આંખો ખોલી અને માટીના ગઠ્ઠાને ધ્યાનથી જોવા લાગી. તે જોવામાં બહુ સાધારણ લાગતો હતો.

"તું શું છે?" તેણે ધીરેથી પૂછ્યું. "શું તું કોઈ છુપાયેલો ખજાનો છે? દિવ્યલોકનો મૂલ્યવાન ઉપહાર છે? અથવા શું તારી અંદર મીઠી સુગંધવાળી જડીબુટ્ટીઓ ભરવામાં આવી છે? મારે જાણવું જ પડશે કે તું કોણ છે. મારે જાણવું જ પડશે કે તું શું છે."

ત્યારે માટી બોલી ઊઠી.

તેણે કહ્યું, "હું? હું તો બસ માટીનો એક ગઠ્ઠો છું."

"ના, ના. એવું ન હોઈ શકે," મહિલાએ આગ્રહપૂર્વક કહ્યું. "તું ખૂબ જ સુગંધિત છે. મહેરબાની કરીને મને કહે કે આ સુગંધ ક્યાંથી આવી રહી છે?"

માટી ફરીથી બોલી — અથવા કદાચ એ અવાજ મહિલાની પોતાની જ સમજ હતી જે તેના અંતરમાંથી ઉદ્‌ભવી રહી હતી, અને આ સમજ તેને પટ્ટાવાળા પહાડો અને ત્યાં ઊગતાં ફૂલોની ઝાડીઓની યાદ પણ અપાવી રહી હતી.

"તો સાંભળ, મારી સખી. હું તને મારું રહસ્ય જણાવું છું. હું તો બસ માટીનો ગઠ્ઠો છું, પરંતુ જ્યારે હું નિર્જન સ્થાનમાં હતો ત્યારે ગુલાબોની સંગતિમાં રહેતો હતો."

© ૨૦૨૪ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.

આ વાર્તા ગુરુમાઈ ચિદ્વિલાસાનંદે તેમની ટિચિંગ્સ યાત્રા દરમ્યાન સત્સંગમાં કહી હતી તેનું પુનર્લેખન છે. તેનો મૂળ સ્રોત તેરમી સદીની ફારસી કવિતા છે.